For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મેલડી માતાના દર્શન યુવક માટે અંતિમ દર્શન બન્યાં

# અનગઢ ગામમાં અકસ્માતમાં યુવકના મોતથી લોકો વિફર્યા : 3 વાહનો બાળ્યા

**નવાપુરા** પાસે યુવકને હાઇડ્રોક્રેને કચડી નાખ્યો, માથું ફાટી જતા મોત

**દાજીપુરાનો** યુવક માતાના દર્શન જઇ રહ્યો હતો ત્યારે કાળ ભરખી ગયો, વિફરેલા ટોળાએ ક્રેન સહિતના ત્રણ જેટલા વાહનો સળગાવી દીધા



(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરાના દાજીપુરા ગામે રહેતો યુવકને અનગઢ મેલડી માતાને દર્શન જતી વેળા રેલવે બ્રિજ કામગીરી પર જતા ચાલકે અડફેટે લીધા બાદ તેના પર હાઈડ્રોક્રેનના ચડાવી દેતા માથા ચગદાઈ જતા ઘટના સ્થળ પર કરૂણ મોત નિપજ્યું હતું. ગ્રામજનો રોષે ભરાયા હતા અને ચાલકને મેથીપાક ચખાડ્યા બાદ હાઇડ્રોક્રેન સહિત ત્રણ વાહનો સળગાવી દીધા હતા. નંદેસરી પોલીસે એડી દાખલ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના દાજીપુરા ગામે રહેતો અજીત નટવરસિંહ ગોહિલ (ઉં.વ25) ખેતીકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. દરમિયાન શનિવારે રાત્રીના સમયે યુવક અનગઢ ખાતે આવેલા માતાજીની મંદિર દર્શન કરવા માટે પગપાળ જઇ રહ્યો હતો. નવાપુરા પાસે રેલવે બ્રિજની કામગીરી ચાલી રહી હતી.

દરમિયાન મોડી રાત્રીની સમયે નવાપુરા ગામ નજીક રેલવે બ્રિજના સર્વિસ રોડ પરથી પસાર થઇ રહ્યો હતો. દરમિયાન તેની પાછળ પુરઝડપે આવેલા હાઇડ્રાક્રેનના ચાલકે તેને અડફેટે લીધા તેને કચડી નાખ્યો હતો. જેમાં માથુ પણ પૈડના નીચ આવી જતા ચકદાઈ જવાના કારણે યુવકને ઘટના સ્થળ પર કરૂણ મોત નિપજ્યું હતું. અકસ્માતની જાણ થતા જ નજીકના ગામના રહેતો ગ્રામજનોને થતા લોકો સ્થળ પર દોડી રોષે ભરાયા હતા અને રેલવેની કામગીરીમાં ઉપયોગમાં આવતા ક્રેન સહિતના ત્રણે જટેલા વાહનોની તોડફોડ કરીને આગ ચાપી દીધી હતી. સૂત્રોમાંથી જાણવા મળ્યા મુજબ હાઇડ્રાક્રેનનો ચાલક નશામાં ધુત રોષ ભરાયેલા લોકોએ તેને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ નંદેશરી પોલીસને થતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને ટોળાને વિખેરવાની કામગીરી શરૂ કરી હતી. બનાવ અંગે મૃતક યુવકના કાકા નરેશન હરમાન ગોહિલે નંદેશરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે હાઇડ્રાક્રેનના ચાલકને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.





અનગઢમાં અકસ્માતમાં યુવકના મોતને પગલે સ્થાનિક લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો અને 3 વાહનોને આંગ ચાપી દીધી હતી. પોલીસે સ્થળ પર જઈ મામલો થાળે પાડ્યો હતો.

### પરિવારે ઘરનો મોભ તથા પુત્રે પિતાનું છત્ર ગુમાવ્યું

નવાપુરા ગામમાં રહેતો મૃતક યુવક અજીત નટવરસિંહ ગોહિલને પરિવારમાં માતા પિતા,નાનો ભાઇ, પત્ની અને સંતાનમાં એક પુત્ર હતો. યુવક પિતા સાથે ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. પુજા પાઠમાં માનતો યુવક મશાણી મેલડી માતાના દર્શને અવાર નવાર જતો હતો. દરમિયાન શનિવારે દર્શને જતી વેળા કાળ ભરખી ગયો હતો. પરિવારે કમાઉ તથા એક પુત્રે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. પરિવારના રોકકડથી ગામનું વાતાવરણ પણ ગમગીન બન્યું હતું.

### વાહનોની આગચંપી, ટોળા સામે રાયોટિંગનો ગુનો નોંધાયો

નવાપુરા ગામ પાસે રેલવે બ્રિજની કામગીરી પર જઇ રહેલા હાઇડ્રોક્રેન દ્વારા ચાલતા જતા અજીત ગોહિલને અપફેટે લીધા બાદ કચડી નાખતા મોત થયું હતું. મોતને પગલે ગ્રામજનો વિફર્યા હતા અને ચાલકને મેથીપાક ચખાડ્યો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ હાઇડ્રોક્રેન સહિત ત્રણ જેટલા વાહનો સળગાવી દીધા હતા. ઘટના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. નંદેસરી પોલીસ દ્વારા ટોળા સામે રાયોટિંગનો ગુનો દાખલ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નંદેસરી પોલીસ દ્વારા લાશને પીએમ અર્થે SSGમાં ખસેડ્યો હતો



નવાપુરા પાસે બનેલી ઘટના પગલે પોલીસ દોડી ગઇ હતી પરંતુ ટોળાના રોષ પારખીને સાવચેતી પૂર્વક લોકોને સમજાવ્યા હતા. ત્યારબાદ હાઇડ્રાક્રેનના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. યુવકના મૃતદેહને સયાજી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડ્યો હતો. પીએમ થઇ ગયા બાદ મૃતદેહનો કબજો પરિવારને સોંપતા પરિવારજનો દ્વારા અંતિમવિધિ કરી હતી.

## પ્રેમિકાએ લગ્ન માટેની ના પાડતા યુવકનો ફાંસો ખાઈ આપઘાત

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

પ્રેમ સંબંધને વધુ મજબૂત કરવા માટે હાલ વેલેન્ટાઈન વીકની યુવાવર્ગ જોર સોરથી ઉજવણી કરી રહ્યું છે ત્યારે પ્રોમિસ ડેના દિવસે જ પ્રેમિકાએ લગ્ન કરવાની ના પાડતા લક્ષ્મી વિલાસ પેલેસમાં ફરજ બજાવતા આનંદ રમેશકુમાર નાયકે ગત શનિવારના રોજ બપોરે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું પરિવારજનો સાંજે પરત ઘરે આવી આ દ્રશ્ય જોતાં હેબતાઈ ગયા હતા બનાવને પગલે તાત્કાલિક 108 મારફતે ગોત્રી હોસ્પિટલમાં યુવકને લઈ ગયા હતા. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ગોરવા પોલીસે બનાવ અંગે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી જ્યાં યુવકના ઘરમાંથી ચિઠ્ઠી પણ મળી આવી હતી જેથી ગોરવા પોલીસે ચિઠ્ઠી તેમજ પોસ્ટમોર્ટમના રિપોર્ટના આધારે વધુ તપાસ હાથ ધરી હતી.

### મોડે મોડે તંત્રને જ્ઞાન થયું અને હરણી લેકઝોનમાંથી જાહેરાતના હોર્ડિંગ્ઝ ઉતારાયા





વડોદરામાં ગત તા.18 જાન્યુઆરીના રોજ હરણી લેકઝોન દુર્ઘટનામાં 12 બાળકો અને બે શિક્ષિકાઓ મળી કુલ 14 ના મોત થયા હતા. સમગ્ર મામલે તંત્ર એક્શનમાં આવ્યું હતું અને જવાબદારો સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે કોર્પોરેશન દ્વારા લેકઝોનને સીલ માર્યા પછી ઘણાં દિવસો બાદ જાહેરાતના શહેરમાં લાગેલા હોર્ડિંગ્સ રાતોરાત દૂર કરવામાં આવ્યા હતા. **(તસવીર : રણજીત સૂર્વે)**

### સુરત કોર્પોરેશનની ગાડીઓમાં ડોર ટુ ડોર કચરા કલેક્શન

# વડોદરામાં VMCની જગ્યાએ SMCની ગાડીઓ કચરો એકત્ર કરવા નીકળી..!

**ભૂતકાળમાં** ડોર ટુ ડોરની ગાડીઓ સામે અકસ્માતના ગુના નોંધાયા છે SMCની ગાડીથી ઘટના બનશે તો જવાબદારી કોની : જહા દેસાઇ

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કચરા કલેક્શન માટે કોન્ટ્રાક આપવામાં આવતો હોય છે હાલમાં ચાલી રહેલા કોન્ટ્રાક્ટ દરમિયાન શહેરના જુદા જુદા વિસ્તારોમાં ડોર ટુ ડોર કચરા કલેક્શન ની ગાડીઓ મારફતે કચરો એકત્ર કરવામાં આવે છે જો કે શહેરના ઉત્તર ઝોનમાં છેલ્લા ઘણા દિવસોથી વીએમસી ની જગ્યાએ એસએમસી એટલે કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન લખેલી ગાડીઓમાં ઘરે ઘરે કચરો એકત્ર કરવામાં આવતા ચર્ચાનો વિષય બન્યો છે ત્યારે આ સમગ્ર મામલે ચૂંટણી વોર્ડ નંબર એકના કાઉન્સિલરે આ અંગે



મ્યુનિસિપલ કમિશનરનું ધ્યાન દોરી તાત્કાલિક પગલાં ભરવા રજૂઆત કરવામાં આવશે.

વડોદરા મ્યુ.કોર્પોરેશનના વોર્ડ 1ના કાઉન્સિલર જહા દેસાઈએ જણાવ્યું હતું કે ખરેખર વડોદરા શહેરમા એસએમસીની ગાડીઓ ફરે એ શરમજનક બાબત કહેવાય લોકોને પણ એમ થાય કે વીએમસીની જગ્યાએ એસએમસીની ગાડીઓ કેમ ફરી રહી છે. કાલ ઉઠીને કોઈ ઘટના બને ,ભૂતકાળમા પણ ડોર ટુ ડોરની ગાડીઓ સામે અકસ્માત સહિત અન્ય કેસો પણ થયેલા છે. ત્યારે એસએમસીની ગાડીથી કોઈ ઘટના બને તો જવાબદારી કોની ? બીજુ જ્યારે કોર્પોરેશનમા ઉત્તરઝોનનો કે વડોદરા શહેરમા કચરાનો કોન્ટ્રાક્ટ ડોર ટુ ડોર ગાડીનો આપ્યો તો એ ગાડીવાળાએ બધી ગાડીઓ નવી લાવાની હોય છે. એના બદલે જે ગાડીઓ ખખડી ગઈ છે તૂટી ગઈ છે સડી ગઈ છે. અને કેટલી ગાડીઓ નવી લાવ્યા નથી. અને એ ગાડીઓ નવી લાવી ન પડે, અને એમા ચોરી કરવાના ઈરાદે આ જૂની ગાડીઓ સુરતથી મંગાવી બારોબાર આ ચલાવી રહ્યા છે. આ અંગે મ્યુનિસિપલ કમિશ્નરનુ ધ્યાન દોરવામાં આવશે અને આ બાબતે તાત્કાલિક પગલાં ભરવામાં આવે કે સુરતની ગાડી કેમ લાવવી પડી? તમે પૈસા લો છો વડોદરા શહેરમાં કરોડો રૂપિયા સફાઈ ના નામે ડોર ટુ ડોર ના નામે એક તો ડોર ટુ ડોર ની ગાડીઓ રેગ્યુલર લોકોના ઘરે આવતી નથી. કાયમ લોકોની ફરિયાદ હોય છે કે સમયસર ગાડી આવતી નથી અને ગાડી લઈને આવનારા માણસો સરખો વ્યવહાર કરતા નથી અને જે ગાડી આવે છે આખી ભરેલી હોય છે એમાં જગ્યા હોતી નથી કચરો પણ રોડ ઉપર વીરા તો જાય છે તેમ છતાં આ રીતે સુરત એસએમસી ની ગાડી વડોદરામાં ફરતી હોય તો કોણ વિશ્વાસ કરે એટલે કોર્પોરેશનને આર્થિક નુકસાન કરવા માટે અને કોન્ટ્રાક્ટર પોતાનો ફાયદો કરવા માટે જ બહારથી ગાડીઓ મંગાવે છે એટલે નવી ગાડીઓ ના લાવવી પડે.

### લશ્કર ક્યાં લડે છે તે ધર્મેશ રાણાને ખબર જ નથી!

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના વડા ધર્મેશ રાણાને ગુજરાતમિત્રે પૂછતાં તેમણે કહ્યું હતું કે મને આ વાતની જાણ નથી. કોન્ટ્રાક્ટર દ્વારા પણ કોઈ જાણ કરવામાં આવી નથી. કેટલાક અધિકારીઓની મિલીભગતથી માત્ર કોન્ટ્રાક્ટ લઈ કટકી કરવા બેઠેલા કોન્ટ્રાક્ટર દ્વારા SMC ની ગાડીઓ ફેરવવામાં આવતા તંત્ર સામે સવાલો ઉઠ્યા છે ધર્મેશ રાણાને કોર્પોરેશને મહત્વના પદ પર બેસાડ્યા છે. ત્યારે જો તેમને આ વાતની જાણ જ ન હોય તો એ અતિ ગંભીર બાબત છે. શહેરના સ્વચ્છતામાં પણ ક્રમાંક પાછળ ગયો છે. તે માટે ધર્મેશ રાણા જેવા અધિકારીઓ જ જવાબદાર છે. પોતાના કાર્યક્ષેત્રમાં શું ચાલી રહ્યું છે તે બાબતે જાણકારી નહીં ધરાવતા આવા બેજવાબદાર અધિકારી સામે શાસકો પગલાં નહીં ભરે તો ચૂંટાયેલી પાંખ અને આવા અધિકારીઓની સાંઠગાંઠ સ્પષ્ટ થઈ જશે.

# તંત્રના પાપે વાડી મોગલવાડાના રહીશો નર્કાગાર જેવી પરિસ્થિતિમાં રહેવા મજબૂર



(પ્રતિનિધિ ) વડોદરા તા.11

શહેરના ઈલેક્શન વોર્ડ નં.14માં આવેલા મોગલવાડા ખાતે છેલ્લા એક માસ ઉપરાંતથી ડ્રેનેજ લીકેજ ની સમસ્યાથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

આ અંગે સ્થાનિક નગરસેવક તથા વોર્ડ કચેરીમાં સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પણ આજદિન સુધી કોઈ નિકાલ આવ્યો નથી ડ્રેનેજના ગંદા પાણીને કારણે અહીં લોકો બિમારીનો ભોગ બની રહ્યાં છે સાથે જ આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી. એક તરફ શહેર સ્વચ્છતા સર્વેક્ષણમાં પાછું ધકેલાયું હોવા છતાં જાડી ચામડીના સતાધીશોને શરમ જેવું કંઈ નથી રજૂઆતો જાણે પત્થર પર પાણી હોય તે રીતે અધિકારીઓ આ રજૂઆતને ઘોળીને પી ગયા છે.

### મામાના લગ્નની ખરીદી કરવા જતી બાળકીને કાળ ભરખી ગયો

## ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા 14 વર્ષીય બાળકીનું મોત

**શુભ પ્રસંગે** બાળકીએ જીવ ગુમાવતા સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.11

મામાના લગ્નની ખરીદી કરવા માટે જતી ૧૪ વર્ષીય બાળકીને સાવલી - ભાદરવા ચોકડી પાસે અકસ્માત સર્જાતા તેનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું. શુભ પ્રસંગે બાળકીને કાળ ભરખી જતા સમગ્ર પરિવારમાં માતમ છવાયો હતો.

સાવલી તાલુકાના આસોજ ગામમાં રહેતી રિદ્ધિ મહેન્દ્રસિંહ ગોહિલ (ઉ.વ.૧૪) આઠમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી. પરીક્ષા હોવાથી મામાના લગ્નની ખરીદી કરવાની બાકી હોવાથી લગ્નના આગલા દિવસે ખરીદી કરવા જવાનું નક્કી કરીને તે અને તેના માસીની દીકરી બન્ને બાઈક પર વડોદરા ખરીદી કરવા માટે સાવલી - ભાદરવા બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન માતેલા સાંઢની જેમ આવી રહેલા ટ્રકે ટક્કર મારતા બાઈક પર સવાર રિદ્ધી ટ્રકના ટાયર પાસે પડતા ટ્રક ચાલકે તેના ઉપર ટાયર ફેરવી દઈ કચડી નાખતા તેને ગંભીર ઈજા પહોચી હતી. ઈજાને પગલે બાઈક સવાર મામા , માસીની દીકરી તેમજ રિદ્ધિને સારવાર માટે સાવલી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી બાદમાં વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડતા તેને મૃત જાહેર કરવામાં આવી હતી.

### ગ્રામ્ય વિસ્તારોમાં નીલ ગાયોનો ત્રાસ યથાવત

# અચાનક નીલ ગાય સામે આવી જતા બાઈક સવાર યુવકનું મોત

**સ્ટીયરિંગ** પરનું કાબુ ગુમાવતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી

(પ્રતિનિધિ ) વડોદરા તા.11

શહેરમાં ઢોરો અને કુતરા નો ત્રાસ યથાવત જોવા મળી રહ્યો છે જેને પગલે અનેક અકસ્માતો છાસવારે જોવા મળી રહ્યો છે ત્યારે હાઈવે પર તેમજ ખાસ ગ્રામ્ય વિસ્તારોમાં નીલ ગાયનો ત્રાસ જોવા મળી રહ્યો છે અગાઉ પણ બાઈક સવારની સામે નીલ ગાય એકાએક આવી જતા બે યુવકોના મોત નીપજ્યા હતા. ત્યારે આજે જ્યારે ફરી એકવાર આજે ૪૩ વર્ષીય બાઈક સવારનું નીલગાય વચ્ચે આવી જવાના કારણે મોત નીપજ્યું હતું

ડબકા ગામમાં રહેતા સંજયભાઈ દલપતભાઈ પરમાર (ઉ.વ.૪૩) પોતાની બાઈક પર ગત ૫ ફેબ્રુઆરી ના રોજ નજીક ના સ્થળ પર અંગત કામ અર્થે જઇ રહ્યા હતા તે દરમિયાન તેમના બાઈક ની સામે અચાનક નીલ ગાય આવી જતા તેઓ ભયભીત થઈ ગયા હતા અને બાઈકના સ્ટીયરીંગ પરનું કાબુ ગુમાવ્યું હતું. બાઈક પર કાબુ ગુમાવતા તેઓ નીચે પટકાયા હતા જેને પગલે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી ગંભીર ઈજાને પગલે સ્થાનિકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું ટૂંકી સારવાર બાદ મોત નીપજ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગ્રામ્ય વિસ્તારના રોડ રસ્તાઓ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો સાથે નીલ ગાયો ટકરાઈ ચૂકી છે અને જેના કારણે કેટલાય વાહન ચાલકો ઈજાગ્રસ્ત થયા છે. ખેતરોમાં નીલ ગાયોના ત્રાસથી ખેડૂતો પોતાના પાકને બચાવવા માટે વિવિધ ઉપાયો અજમાવતાં હોય છે. જેમાં વાડને કરંટ લગાવવો, ફટાકડાં ફોડી નીલ ગાયોને ભગાડવામાં આવે છે. જેના કારણે નીલ ગાયો ખેતરોમાં ખોરાકની શોધમાં આમ તેમ નીકળે છે. ખાસ કરીને બપોર કે દિવસના સુમારે નીલ ગાયોની અવર-જવર વધી જતી હોય છે. જેના કારણે રોડ રસ્તાઓ ઉપર ચાલતા વાહનોના અવાજના કારણે ગભરાટમાં આ પશુઓ વાહન સાથે ટકરાય છે અને અકસ્માતો સર્જાતા હોય છે. વન વિભાગ દ્વારા આ મુદ્દે એકશન લેવામાં આવે તો અકસ્માતોના બનાવોને મહદંઅંશે અટકાવી શકાય.

**અત્યાચાર** અમદાવાદમાં રહેતા સાસરીયાઓએ પરિણીતાને બેઘર કરી દેતા અભયમની મદદ લીધી

# પતિએ બીજા લગ્ન કરી પ્રથમ પત્ની પાસેથી બાળકો છીનવી લીધા

**ચિંતામાં** પિતાના ઘરનું સરનામું ભૂલી જતા મસ્જીદ પાસે બેસી રહ્યા હતા

**અજાણી** સ્ત્રીને એકલી લાચાર જોતા સેવાભાવી વ્યક્તિએ અભયમને જાણ કરી

(પ્રતિનિધિ ) વડોદરા તા.11

પતિએ બીજા લગ્ન કરી લેતા પ્રથમ પત્નીના બાળકોને પોતાની પાસે રાખીને પત્નીને ઘરની બહાર કાઢી મુકતા પત્ની ચિંતામાં આવી જઈને પોતાનું ભાન ભૂલી ગઈ હતી અમદાવાદ સાસરીમાં રહેતી પરણીતાને ઘરની બહાર કાઢી મુકતા અમદાવાદથી પરત પોતાના પિયર વડોદરા આવતા વડોદરામાં પિતાના ઘરનું એડ્રેસ તે ભૂલી ગઈ હતી જેથી તે એક મસ્જિદની બહાર બેસી રહી હતી જેથી એક સેવાભાવી વ્યક્તિએ અભયમનો સંપર્ક સાદીને બનાવ અંગેની જાણ કરતા અભયમ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને પરીણીતા નું કાઉન્સિલિંગ કરીને પિતાનું એડ્રેસ પૂછ્યું હતું બાદમાં તેને પિતાને સોંપીને તેની સારવાર માટેની ભલામણ કરી હતી



પાણીગેટ વિસ્તારમાં આવેલી એક મસ્જિદ પાસે અજાણી સ્ત્રી બેઠી હોવાથી એક સેવાભાવી વ્યક્તિએ અભયમને આ બાબતે જાણ કરી હતી જેથી અભયમ ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈને તપાસ કરતા તેમને એક પીડિત મહિલા જોવા મળી હતી જેથી અભયમની ટીમ દ્વારા તેની સાથે વાતચીત કરતા જાણવા મળ્યું હતું કે પીડિતા બેનના પતિએ બીજા લગ્ન કરી લીધેલ છે અને પીડિતા બેન ને હવે તે રાખવા માટે ના પાડતો હોવાનું તેણીએ જણાવ્યું હતું. આ પીડિત મહિલાના બે બાળકો છે અને બંને બાળકોને તેમના સાસુ સાથે તેમની સાસરીમાં અમદાવાદમાં મૂકીને આવતા રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. તેમના પતિ બેનને શારિરીક અને માનસિક રીતે હેરાન કર્યા કરે છે તે કારણે તેમની માનસિક અવસ્થા સારી ન હતી તેમની સાથે કાઉન્સિલિંગ કર્યા બાદ જાણવા મળ્યું કે પીડિતા બેન આજે સવારે અમદાવાદ થી વડોદરા તેમના પપ્પા ના ઘરે આવ્યા હતા તેમનું સરનામું ભૂલા પડી ગયેલ હતા ટેન્શનના કારણે જેથી ટીમ દ્વારા તેમના પપ્પાનું ઘર શોધી તેમના પપ્પાના ઘરે પીડિતા બેનને સોંપી આવ્યા હતા. જ્યાં જાણવા મળ્યું હતું કે , પીડિતાના મમ્મીનું મૃત્યુ થયેલું છે અને પપ્પા ચંપલ બનાવવાનો ધંધો કરે છે એ તેમનું ગુજરાન ચલાવે છે તેથી અમે પીડિતા બેન ના પપ્પાનું કાઉન્સિલિંગ કરી મફત કાનૂની સલાહ કેન્દ્ર વિશે વાત કરી એ મેન્ટલી ટ્રીટમેન્ટ માટે કારેલીબાગ મેન્ટલ હોસ્પિટલ ની પણ જાણકારી આપી હતી.

## એકતાનગરના ASI ધવલ પટેલ 3 હજારની લાંચ લેતા ઝડપાયા

(પ્રતિનિધિ) ભરૂચ, તા.11

નર્મદા જિલ્લાના એકતાનગર પોલીસ સ્ટેશનમાં ASI તરીકે ધવલ વાડીલાલ પટેલ નોકરી કરતા હતા. અગાઉ એક વ્યક્તિ આંકડા-જુગારનો ધંધો કરતા હતા.ત્યારબાદ આ ધંધો બંધ કરી દીધો હતો. એ વ્યક્તિ પાસે ધવલ પટેલે જુના વ્યવહારના હપ્તાની માંગણી તથા ધંધો ચાલુ કરવાની વાત કરી હતી. જો કે એ વ્યક્તિએ લાંચ ન આપી ભરૂચ ACB પોલીસને ફરિયાદ કરી હતી.વડોદરા ACBના મદદનીશ નિયામક પી.એચ.ભેસાણીયાના સુપરવિઝનથી છટકું ગોઠવ્યું હતું અને ASI ધવલ પટેલને પૈસા આપવાનું કહ્યું હતું. અને ASI ધવલ પટેલ રૂ.૩૦૦૦/- લાંચના છટકામાં એસીબીના હાથે ઝડપાઈ ગયો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નીચે જણાવેલા સેન્ટરો ઉપર 'ગુજરાતમિત્ર' અખબારનું સર્ક્યુલેશન, જાહેરાત અને સમાચારનું કામ કરી શકે તેવા ઈચ્છુક વ્યક્તિઓએ સંપર્ક કરવો.

સેન્ટર

» ગોધરા » શહેરા » ગોઠીબ » પીપલોદ » ધાનપુર » ઝાલોદ » જેસાવાડા » તેજગઢ » બોડેલી » વેજલપુર » પોર » કરજણ » ઘોઘંબા » ડેસર » વેજપુર » તિલકવાડા » દેવાલિયા » ચાંદોદ » જરોદ » વાઘોડિયા » કોસિન્દ્રા » કવાંટ » પાનવડ

રસ ધરાવતી વ્યક્તિએ નીચે આપેલા નંબર પર સંપર્ક કરવો : 98797973103

સરનામું : 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્ય કન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા.